بسم اللہ الرحمن الرحیم نحمدہ و نصلی علی رسولہ الکریم وعلی عبدہ المسیح الموعود

لا الہ الا اللہ محمد رسول اللہ

دفتر مجلس انصار اللہ بھارت

Office Of The Majlis Ansarullah Bharat

Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA

Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com

نمبر شمار/Ref ____________ تاریخ/Date ____________

# જલસા સાલાના બર્તાનિયા ૨૦૨૬ અંગે અફઝાલે ઇલાહિયા (દિવ્ય) અને બિન જમાઅત મહેમાનોના અનુભવોનો ઉલ્લેખ

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

***સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.***
***તા. 31 જુલાઈ 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ (યુ.કે)***

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહાની તિલાવત બાદ, હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

અલ્લાહ તઆલાના ફઝલથી, ગયા રવિવારે અહમદિયા મુસ્લિમ જમાઅત બર્તાનિયાનો ત્રણ દિવસીય વાર્ષિક સંમેલન સમાપ્ત થયો. જસલા માટે તૈયારી કરવામાં મહિનાઓ લાગે છે. એક જલસા પછી, બીજા જલસાની તૈયારીઓ શરૂ થઈ જાય છે. તેની તીવ્રતા જલસાના થોડા અઠવાડિયા પહેલા શરૂ થાય છે અને પછી જલસાના એક કે બે અઠવાડિયા પહેલા તો અત્યંત વધી જાય છે, અને જલસા દરમિયાન, હજારો સ્વયંસેવકો, પુરુષો અને સ્ત્રીઓ, વૃદ્ધ અને યુવાન, પોતાની તમામ ક્ષમતાઓ અને ઇમાનદારી સાથે સેવા આપી રહ્યા હોય છે.

તો આ અર્થમાં, આ જલસાના કોઈપણ ક્ષેત્રમાં કામ કરી રહેલા તમામ કાર્યકરો આભાર માનવાને પાત્ર છે. અલ્લાહ તઆલા તેમને આ સેવા માટે શ્રેષ્ઠ પુરસ્કાર આપે. તેવી જ રીતે, MTA ના કાર્યકરો પણ છે, જેમાંથી મોટાભાગના સ્વયંસેવકો છે. પછી પ્રેસ અને મીડિયા ટીમ પણ છે. ખુદ્દામ-ઉલ-અહમદિયા કેનેડાથી ખુદ્દામ દર વર્ષની જેમ મોટી સંખ્યામાં અહીં આવ્યા અને વાઇન્ડ અપમાં સેવા આપી. હવે ઓસ્ટ્રેલિયાવાળાઓએ પણ આવવાનું શરૂ કર્યું છે, તે બધા ખૂબ જ સારી રીતે કામ કરી રહ્યા છે.

હું પોતે પણ બધા કાર્યકરોનો આભાર માનું છું, પરંતુ સાથે સાથે તેમણે એ પણ યાદ રાખવું જોઈએ કે તેમને હઝરત મસીહ મૌઉદ (અ)ના મહેમાનોની સેવા કરવાની તક આપવા બદલ ખુદા તઆલાનો આભાર માનવો જોઈએ. લોકોના કૃતજ્ઞતાના અભિવ્યક્તિ સાથે, આપ લોકોને વધુને વધુ ખુદા સમક્ષ ઝૂકવું જોઈએ, વધુ નમ્ર બનવું જોઈએ. અલ્લાહ તઆલા તમને આવું કરવાની તૌફિક આપે.

હુઝુર ફરમાવે છે: કામ કરનારાઓના દૃઢ નિશ્ચય અને જુસ્સા દ્વારા ઇસ્લામ અને અહમદીયતનો પ્રચાર પણ થાય છે. ઘણા લોકો પોતાની લાગણીઓ અને અવલોકનો ટિપ્પણીઓના રૂપમાં લખે છે અને મોકલે છે. તેમાંથી હું કેટલાક રજૂ કરીશ.

ગેમ્બિયાના સંચાર મંત્રી લખે છે, 'જલસા સાલાના  વિશેના એક ગહન સત્યથી હું પ્રભાવિત થયો. આ એક મહાન વૈશ્વિક સભા છે જે નિઃસ્વાર્થ સેવા અને મૌન, અતૂટ બલિદાનના પાયા પર કાયમ છે.'

નાઇજીરીયાના એક બાદશાહ જે રાજ્યના લગભગ અડધા ભાગ પર શાસન કરે છે તેઓ કહે છે, 'જ્યારે હું યુકેમાં વાર્ષિક પરિષદ માટે નીકળ્યો ત્યારે મને ખ્યાલ નહોતો કે હું એક ભવ્ય, સંગઠિત અને આધ્યાત્મિક સભામાં ભાગ લેવાનો છું જે મારા જીવન પર આટલી ઊંડી અસર કરશે. અહીં પહોંચ્યા પછી, મેં માત્ર શિસ્ત, ભાઈચારો અને માનવતાની સેવાનું એક અસાધારણ ઉદાહરણ જોયું નહીં, પરંતુ વિશ્વના વિવિધ દેશો અને રાષ્ટ્રીયતાના લોકોને પ્રેમ, આદર અને ભાઈચારાના બંધનમાં બંધાયેલા જોયા.'

તેમની પત્નીએ કહ્યું કે 'મને સૌથી વધુ આશ્ચર્ય થયું તે મહિલાઓ માટે કરવામાં આવેલી અનુકરણીય વ્યવસ્થા, તેમના સન્માન, સ્વતંત્રતા અને માહોલ હતું. હજારો મહિલાઓને ખૂબ જ ગૌરવ સાથે સંગઠિત રીતે જલસામાં આવતી અને જતી જોઈને ઇસ્લામ વિશેની મારી ઘણી ધારણાઓ બદલાઈ ગઈ છે.'

સેનેગલના ભૂતપૂર્વ ગવર્નર સેન્ટ લુઇસ મહેમાન તરીકે હાજર રહ્યા હતા. તેઓ કહે છે: 'મેં બધા ભાષણો ધ્યાનથી સાંભળ્યા, અનુવાદની વ્યવસ્થા ખૂબ સારી હતી, જેના કારણે અમે બધા ભાષણો અને સંદેશાઓ સારી રીતે સમજી શક્યા. જલસા દરમિયાન જે સંદેશ સૌથી વધુ ઉભરી આવ્યો તે પ્રેમ, શાંતિ અને ભાઈચારાનો સંદેશ હતો.

લક્ઝમબર્ગથી એક બેરિસ્ટર સાહેબ આવ્યા હતા. તેઓ કહે છે: 'જલસાના આ ત્રણ દિવસ મારા જીવનના સૌથી મહત્વપૂર્ણ ત્રણ દિવસ બની ગયા છે. મારા જીવનમાં પહેલી વાર મેં આટલી મોટી, સંગઠિત ઇસ્લામિક સભા જોઈ છે. વૈશ્વિક બૈઅતનું પ્રેરણાદાયક દૃશ્ય મારા માટે અવિસ્મરણીય હતું. હું ઇમામ જમાઅતને મળ્યો. જોકે મુલાકાત પહેલા હું ગભરાયેલો હતો, પણ તેમને મળતાંની સાથે જ મારી ગભરાટ દૂર થઈ ગઈ.'

એક નૌમુબાઈન કહે છે કે 'ઇસ્લામ સ્વીકારતા પહેલા હું ખ્રિસ્તી ધર્મનો હતો. અમને શીખવવામાં આવતુ હતું કે ઈમાનનો સંબંધ સંગીત સાથે છે, પરંતુ હું આ રીતે ક્યારેય આધ્યાત્મિક શાંતિ અને ભગવાનની નિકટતા અનુભવી શક્યો નહીં. મુસ્લિમ બન્યા પછી પણ, હું નમાઝો વગેરે પઢતો હતો પરંતુ હું કોમળતા અનુભવી શકતો ન હતો, પણ જલસામાં જોડાયા પછી, મારા પર એવી આધ્યાત્મિક સ્થિતિ આવી ગઇ કે મારી આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા, હું સતત દુઆઓ કરતો રહ્યો. મારો અલ્લાહ તઆલા અને ખિલાફત સાથે આધ્યાત્મિક જોડાણ સ્થાપિત થઈ ગયું.'

ચેક રિપબ્લિકના બે પ્રોફેસરો આવ્યા હતા. તેઓ કહ્યું કે 'ચેક રિપબ્લિક પાછા જઈને, અમે અમારા સાથીદારો અને વિધાર્થીઓને જણાવીશું કે તમે જાતે આ ભવ્ય સભાના સાક્ષી બનો. ખલીફાએ વક્તના ભાષણ પછી, અમને ઇસ્લામ અને ધર્મનિષ્ઠાની સાચી ઓળખ મળી.'

કઝાકિસ્તાનની એક મહિલા જલસામાં જોડાઈ હતી તે કહે છે કે 'ઇમામ જમાઅતઅને અન્ય વક્તાઓના ભાષણોમાં શ્રદ્ધા, ઉચ્ચ નૈતિકતા અને પરસ્પર સંવાદિતા, યુવાનોની સમસ્યાઓ અને સમાજના શિક્ષણ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

અમેરિકાના એક કાયદાના પ્રોફેસર સાહેબે કહ્યું કે:

મને દુનિયાભરમાં યોજાતા સંમેલનો અને પરિષદોમાં હાજરી આપવાની તક મળી છે, પરંતુ જલસા સાલાના યુકેનો અનુભવ સૌથી અનોખો છે. એકસો થી વધુ દેશોના, વિવિધ ધર્મો, રાષ્ટ્રીયતા અને જીવનના ક્ષેત્રોના લોકોને મળ્યો. વિવિધ પ્રદર્શનોએ મને ખૂબ પ્રભાવિત કર્યો. ઉચ્ચ શિક્ષિત ડોકટરો, ઇજનેરો, વકીલો અને અન્ય ક્ષેત્રોના નિષ્ણાતો ખૂબ જ નમ્રતાથી સેવાઓ આપી રહ્યા હતા, જેનાથી હું ખૂબ પ્રભાવિત થયો.

બ્રાઝિલના એક ટેલિવિઝન રિપોર્ટર કહે છે કે 'હું આ કાર્યક્રમના વિશાળ પાયે અને વ્યાપથી આશ્ચર્યચકિત થઈ ગયો છું, ખાસ કરીને લંગરખાનાનું કદ અને જ્યાં ભોજન તૈયાર કરવામાં આવે છે તે બધી જગ્યાઓ ખૂબ જ જગ્યા ધરાવતી, આધુનિક, વ્યવસ્થિત અને ખૂબ જ સ્વચ્છ હતી.'

ફિલિપાઇન્સના પ્રોફેસર સાહેબ તેમની પત્ની સાથે આવ્યા હતા, તેઓ પણ પ્રોફેસર છે. તેઓ કહે છે કે 'સ્વયંસેવકોની મહેનત જોઈને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા કે તેઓ કેવી રીતે પોતાની મહેનતથી આ કામચલાઉ શહેર બનાવવાનું સંચાલન કરે છે.'

એલસાલ્વાડોરના એક મહેમાન, જે મધ્ય અમેરિકન સંસદમાં એલસાલ્વાડોરના પ્રતિનિધિ છે, કહે છે કે 'ખલીફા વક્તની મુલાકાત પછી, મને ખાતરી થઈ ગઈ છે કે ખલીફા વક્તને પોતાની જમાઅત વિશે ઘણી જાણકારી હોય છે.'

બેલીઝની એક નૌમુબાઇન મહિલા કહે છે: 'અમારો તાલુક ખૂબ જ નાના દેશથી છે. હું જે શહેરમાં રહું છું ત્યાંની આબાદી પચાસ હજારની છે. સો લોકો જો ક્યાંક ભેગા થઈ જાય તો ઝઘડા શરૂ થઈ જાય છે, પરંતુ અહીં જલસાના આયોજનમાં અસાધારણ શાંતિ હતી.'

બલ્ગેરિયાના એક પ્રભાવશાળી વ્યક્તિએ જણાવ્યું કે 'જલસામાં ભાષણો ખૂબ જ માહિતીપ્રદ, વિદ્વતાપૂર્ણ અને ઉચ્ચ ગુણવત્તાવાળા હતા. વક્તાઓએ ધાર્મિક અને વૈજ્ઞાનિક વિષયો ખૂબ જ સારી રીતે રજૂ કર્યા, જેનાથી ઉપસ્થિતોના જ્ઞાન અને સમજણમાં વધારો થયો.'

સેનેગલનો એક માણસ જે તેના વિસ્તારમાં ધાર્મિક નેતા છે તે કહે છે: 'જમાઅતના ઇમામ સાથેની મારી મુલાકાત થઈ જેથી મને જમાઅતને સમજવાની એક મહાન તક મળી. સત્ય એ છે કે હું આપને મારા હૃદયના ઊંડાણથી ખીરાજ-એ-તહસીન આપું છું.'

સેનેગલના એક સંસદ સભ્યએ હાજરી આપી તેઓ કહે છે, 'શાબ્દિક ઇસ્લામ કરતાં પણ વધુ, મેં અહીં સેવાવાળો સાચો ઇસ્લામ જોયો. મેં એવા હાથ જોયા જે આપી રહ્યા છે, એવા હૃદય જોયા જે ક્ષમાશીલ છે, એવા દરવાજા જોયા જે હંમેશા બીજાઓ માટે ખુલ્લા છે.'

કોસોવોના એક ખૂબ જ આદરણીય સંશોધક અને શિક્ષણવિદ, પ્રોફેસર સાહેબ, જલસામાં હાજર રહ્યા હતા. તેઓ કહે છે કે 'ઇમામ જમાઅતના ભાષણો સાંભળવાની તક મળી, અને તેમની સાથે મુલાકાત પણ થઈ.

મને સૌથી વધુ પ્રભાવિત કરનારી બાબત એ હતી કે શાંતિ, આંતરધાર્મિક સંવાદિતા, માનવ સમાનતા, પરસ્પર આદર અને સમાજના દરેક સભ્યના સમાવેશ પર સતત અને અસાધારણ ભાર મૂકવામાં આવ્યો હતો.'

સ્પેનથી પેડ્રેગુએરાના મેયર આવ્યા હતા. તેઓ કહે છે: 'જલસા સાલાનાએ અમને એ જોવાની તક આપી કે આ ફક્ત અકીદાનો ઉત્સવ નથી, પરંતુ વિવિધ દેશો, સંસ્કૃતિઓ અને વાસ્તવિકતાઓના લોકો વચ્ચે સહઅસ્તિત્વનું અસાધારણ પ્રદર્શન છે.'

તેવી જ રીતે, હુઝુર અનવરે કેટલાક અન્ય પ્રતિષ્ઠિત મહેમાનોના અવલોકનો અને અનુભવો રજૂ કર્યા, જેમણે જલસાની અસાધારણ વ્યવસ્થા અને આધ્યાત્મિક વાતાવરણની પ્રશંસા કરી.

યૂનાનથી આવેલી એક મહિલા મહેમાન, એકંદર કાર્યક્રમની પ્રશંસા કરતી વખતે, એક વાતનો ઉલ્લેખ કર્યો જે તેમને ગમ્યો નહીં, અને તે એ હતી કે 'કેટલીક સ્ત્રીઓ ઇસ્લામિક ડ્રેસ કોડ (પડદા)નું યોગ્ય રીતે પાલન કરી રહી ન હતી અને કેટલાક પુરુષો પણ તેમના દેખાવમાં નબળાઈ બતાવી રહ્યા હતા.'

હુઝુર અનવરે કહ્યું: જોકે મેં આ વિશે ખાસ સલાહ આપી હતી. આપણે આપણા પોતાના સુધારા માટે નકારાત્મક ટિપ્પણીઓ પણ સાંભળવી જોઈએ. તેથી જે લોકો બેદરકાર રહ્યા છે તેઓએ યાદ રાખવું જોઈએ કે ગૈર આપણને ખૂબ જ તીક્ષ્ણ નજરે જુએ છે અને આપણે તેમને એવી કોઈ તક ન આપવી જોઈએ જે ઇસ્લામની સાચી છબીને કલંકિત કરે. જલસાના ભાષણો દરમિયાન, મેં હઝરત મસીહ મૌઉદ (અ)નો એક ઈક્તબાસ (ફકરો) પણ વાંચ્યો હતો કે આપણે ગૈરોને આપણી સામે આંગળી ઉંચી કરવાની તક ન આપવી જોઈએ.

હુઝુર અનવરે પ્રેસ અને મીડિયામાં જલસાના સારા કવરેજનો ઉલ્લેખ કર્યો. વાર્ષિક જલસાનું પ્રિન્ટ મીડિયા, રેડિયો, ટીવી અને સોશિયલ મીડિયા દ્વારા વ્યાપકપણે પ્રસારણ કરવામાં આવ્યું હતું, જ્યારે વિવિધ અખબારો અને ટીવી ચેનલોએ પણ જલસાની કવરેજ આપી હતી.

ખુત્બાના અંતે, હુઝુર અનવરે કહ્યું, 'અલ્લાહ તઆલા આ જલસાના સારા પ્રભાવોને જમાઅતના સભ્યો પર સ્થાપિત કરે ત્યાં લોકોને માર્ગદર્શન પણ કરે અને તેમને સાચા ઇસ્લામ અને અહમદિયત તરફ આકર્ષિત કરે. આમીન.'

******

اَلْحَمْدُ لِلّٰہِ نَحْمَدُہٗ وَ نَسْتَعِیْنُہٗ وَ نَسْتَغْفِرُہٗ وَ نُؤْمِنُ بِہٖ وَ نَتَوَکَّلُ عَلَیْہِ وَ نَعُوْذُ بِاللّٰہِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَ مِنْ سَیِّئَاتِ اَعْمَالِنَا مَنْ یَّھْدِہِ اللّٰہُ فَلَا مُضِلَّ لَہٗ وَ مَنْ
یُّضْلِلْہُ فَلَا ھَادِیَ لَہٗ وَ نَشْھَدُ اَنْ لَّا اِلٰہَ اِلَّا اللّٰہُ وَ نَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَ رَسُوْلُہٗ عِبَادَ اللّٰہِ رَحِمَکُمُ اللّٰہُ اِنَّ اللّٰہَ یَاْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِیْتَآءِ ذِی الْقُرْبٰی
وَ یَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْکَرِ وَ الْبَغْیِ یَعِظُکُمْ لَعَلَّکُمْ تَذَکَّرُوْنَ اُذْکُرُوا اللّٰہَ یَذْکُرْکُمْ وَ ادْعُوْہُ یَسْتَجِبْ لَکُمْ وَ لَذِکْرُ اللّٰہِ اَکْبَرُ۔